S. J. & E. DEPTT.
8 SEP 2022
IWDMS No...19342

ભારત સરકારના 'Nasha Mukt Bharat Abhiyan 2.0'નું અમલીકરણ કરવા District Level Nasha Mukt Campaign Committee ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/MSM/e-file/17/2022/2287/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૯/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૦૭/૨૦૨૦નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારનો તા.૧૮/૦૮/૨૦૨૨નો અ.સ. પત્ર D.O. No.12-1/2020-DP-II(Pt.1)

આમુખ:-

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાતના રાજકોટ, સુરત, અમદાવાદ, ભરૂચ, વડોદરા, મહેસાણા, પોરબંદર અને જામનગર એમ કુલ આઠ જિલ્લાઓમાં ભારત સરકારના 'Nasha Mukt Bharat' કેમ્પેઈનનું અમલીકરણ કરવા District Level Nasha Mukt Campaign Committeeની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના ભારત સરકારના તા.૧૮/૦૮/૨૦૨૨ના પત્રથી નશામુક્ત ભારત અભિયાન (NMBA)નો બીજો તબક્કો રાજ્યમાં અમલી કરવા જણાવેલ છે. NMBA 2.0 રાજ્યના ૬ જિલ્લાઓ બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, અમરેલી, જુનાગઢ અને વલસાડની પસંદગી કરવામાં આવેલ છે. સદર જિલ્લાઓમાં District Level Nasha Mukt Campaign Committeeની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી, ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૮/૦૮/૨૦૨૨ના પત્ર અન્વયે ભારત સરકારના 'Nasha Mukt Bharat Abhiyan 2.0'નું ગુજરાતના બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, અમરેલી, જુનાગઢ અને વલસાડ એમ કુલ ૬(છ) જિલ્લાઓમાં અમલીકરણ કરવા હેતુ, આ ૬(છ) જિલ્લાઓમાં District Level Nasha Mukt Campaign Committee ની આથી નીચે મુજબ રચના કરવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | કમિટીમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેક્ટરશ્રી, | અધ્યક્ષ |
| ૨ | ડિસ્ટ્રીક્ટ સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલિસ | સભ્ય |
| 3 | ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરીટી- ડ્રીસ્ટીક્ટ જજના પ્રતિનિધિ | સભ્ય |
| ૪ | ડિસ્ટ્રીક્ટ મેડીકલ સુપ્રિટેન્ડન્ટ/ ઓફિસર | સભ્ય |
| ૫ | ડ્રીસ્ટીક્ટ એજ્યુકેશન ઓફિસર/ડ્રીસ્ટીક્ટ પ્રાયમરી એજ્યુકેશન | સભ્ય |

| | | |
|---|---|---|
| | ઓફિસર | |
| ૬ | રીજીયોનલ જોઈન્ટ ડાયરેકટર (શિક્ષણ) | સભ્ય |
| ૭ | સીડીપીઓ/ મહિલા અને બાળ કલ્યાણના સીનીયર પ્રતિનિધી | સભ્ય |
| ૮ | ડ્રગ્સ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના ૨ (બે) પ્રતિનિધી (જે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા નોમિનેટ કરવામાં આવશે.) | સભ્ય |
| ૯ | ડ્રગ્સ ક્ષેત્રે કામ કરેલ હોય તેવા ૨ (બે) નિવૃત સિવિલ સેવકો (જે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા નોમિનેટ કરવામાં આવશે.) | સભ્ય |
| ૧૦ | Integrated Rehabilitation Centre for Addicts (IRCA) ( જે જિલ્લામાં IRCA ન હોય ત્યાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની સ્ટેટ લેવલ કોઓર્ડિનેટીંગ એજન્સી | સભ્ય |
| ૧૧ | પીએમયુના સ્ટેટ કોઓર્ડિનેટર, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી | સભ્ય |
| ૧૨ | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી | સભ્ય સચિવ |

- બેઠકનો સમયગાળો :- આ સમિતિ દરેક માસમાં એક વાર મળશે.
- <u>સમિતિના કાર્યો</u>:-

1) ડીસ્ટીક્ટ લેવલ નશા મુક્ત કેમ્પેઈન ઘડવા અને અમલીકરણની ખાતરી કરવાની રહેશે.
2) જિલ્લાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે શાળાઓ અને કોલેજોમાં અવેરનેસ જનરેશન પ્રોગ્રામ ઘડવાના રહેશે.
3) કોલેજોમાં ચર્ચા અને અવેરનેસ ફેલાવવા વિદ્યાર્થીઓની ક્લબની રચના કરવાની રહેશે.
4) જિલ્લામાં કાઉન્સેલીંગ અને ટ્રીટમેન્ટ સુવિધાઓનું નીરીક્ષણ કરવાનું રહેશે.
5) ડ્રગ્સના પીડિતો અને ઉપયોગ કરતા હોય તેવા વ્યક્તિઓની ઓળખ કરવી અને કાઉન્સેલીંગ અને ટ્રીટમેન્ટ માટે રીહેબીલીટેશન સેન્ટર/હોસ્પિટલ્સમાં લઈ જવા/રીફર કરવાના રહેશે.
6) આ બાબતે સેવાઓ આપતી સંસ્થાઓ, હોસ્પિટલ્સની મુલાકાત લેવાની રહેશે.
7) કોઈ પણ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મીટર આજુબાજુના વિસ્તારમાં સિગારેટના વેચાણના પ્રતિબંધનું સખત અમલ કરવાનું રહેશે.
8) ડ્રગ્સના ઉપલબ્ધતા/વેચાણ બાબતે માહિતી મેળવવી અને મેળવેલ માહિતી પર કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે.
9) જિલ્લા સ્તરે અને જિલ્લા સ્તરની નીચે સર્વિસ પ્રોવાઈડર માટે તાલીમ કાર્યક્રમોનું સંચાલન કરવાનું રહેશે.
10) સ્ટેટ કેમ્પેઈન માટે સોશિયલ મિડીયા સ્ટ્રેટજી બનાવવી અને તેનું અમલીકરણ કરવાનું રહેશે.
11) કેમ્પેઈન અન્વયે થયેલ પ્રગતિ બાબતે સ્ટેટ લેવલ કેમ્પેઈન કમિટિ અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયને ફીડબેક મોકલી આપવાના રહેશે.

12) કોમ્યુનિટીમાંથી સ્વયંસેવકોની ઓળખ કરી, તેમને આઈડી કાર્ડ/બેજ આપવા, તેમને અવેરનેસ ફેલાવવા માટે Community Peer તરીકે તાલીમ આપવાની રહેશે. (ઓનલાઈન ટ્રેઈનીંગ મોડ્યુલ મંત્રાલય દ્વારા આપવામાં આવશે).

આ કેમ્પેઈન ચલાવવા માટેનું ખર્ચ દરેક જિલ્લા દીઠ રૂ.૧૦.૦૦ લાખનું ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા આપવામાં આવશે. ગ્રાન્ટનો હપ્તો મેળવવા માટે ભારત સરકાર દ્વારા સૂચવવામાં આવે તે મુજબ ડ્રીસ્ટીક્ટ એક્શન પ્લાન ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયને જમા કરાવવાનો રહેશે.

જિલ્લા વહીવટી તંત્ર જ્યારે આ કેમ્પેઈનની કોર કમિટી છે, ગ્રાસ રુટ લેવલ પર પણ અવેરનેસ ફેલાવવા માટે મ્યુનિસિપાલીટી/સબ ડ્રીસ્ટીક્ટ લેવલ પર પણ સમાન પ્રકારની કમિટી બનાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક/ માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નોર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરો, અમદાવાદ, બીજો અને ત્રીજો માળ, ડ્રાઈવ ઈન સિનેમા બિલ્ડીંગ, ડ્રાઈવ ઈન રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલિસ મહાનિર્દેશક અને મુખ્ય પોલિસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા કલેકટરશ્રી (બનાસકાંઠા, ભાવનગર, ગાંધીનગર, અમરેલી, જુનાગઢ અને વલસાડ).
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પીએમયુના સ્ટેટ કોઓર્ડિનેટર, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હી.

- નશાબંધી મંડળ, ગુજરાત નશાબંધી સંકુલ, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
- સંબંધિત જિલ્લાની Integrated Rehabilitation Centre for Addicts (IRCA) (મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.